# રાહુલ મોટી જવાબદારી સ્વીકારવા તૈયાર

મુંબઈ,તા.૧૯

કોંગ્રેસ પાર્ટીમાં સક્રિય ભૂમિકા અથવા તો સરકારમાં કોઈ મોટી જવાબદારી સંભાળવાનાં મુદ્દા પર હંમેશા મૌન રહેનાર રાહુલ ગાંધીએ આજે સરકારમાં સામેલ થવાનો સંકેત આપ્યો હતો. રાહુલે કહ્યું હતું કે તેઓ પક્ષ અને સરકારમાં વધુ સક્રિય ભૂમિકા અદા કરવા માટે તૈયાર છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કર્યા બાદ સંસદમાં મીડિયા સાથે વાતચીત કરતાં રાહુલે કહ્યું હતું કે, પાર્ટી અને સરકારમાં વધુ સક્રિય અને મોટી ભૂમિકા અદા કરવા માટે તેઓ તૈયાર છે. હાઈકમાન્ડ અને વડાપ્રધાન જવાબદારી નક્કી કરે તેવો સંકેત રાહુલે આપ્યો હતો. એમ માનવામાં આવે છે કે, રાહુલ ગાંધીને હવે કોઈ મોટી જવાબદારી સોંપવામા આવી શકે છે. રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાઈ ગયા બાદ યુપીએ પ્રધાનમંડળમાં ધરખમ ફેરફારનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. ૮ ઓગસ્ટથી સંસદના મોનસૂન સત્રની શરૂઆત પહેલાં કેબિનેટમાં મોટાપાયે ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, રાહુલને ગ્રામિણ વિકાસ, પંચાયતીરાજ અથવા તો માનવ સંસાધન વિકાસ મંત્રાલયનો હવાલો અપાઈ શકે છે. ગઈકાલે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, પોતાની ભૂમિકા અંગે રાહુલ પોતે જ નિર્ણય લેશે. રાહુલનાં નજીકનાં ગણાતાં કોંગ્રેસ મહાસચિવ દિગ્વિજયસિંહે કહ્યું હતું કે, કોંગ્રેસનું નેતૃત્વ કરવાનો નિર્ણય રાહુલ યોગ્ય સમયે કરશે. અલબત્ત આ અગાઉ રાહુલે કહ્યું હતું કે, તેમની પાસે હજુ ઘણી વય બાકી છે. ૧૯ જુનનાં દિવસે તેઓ ૪૨ વર્ષના થયા છે. કોંગ્રેસનાં મોટા નેતાએ કહ્યું છે કે, રાહુલને કોઈ મોટા હોદ્દાની જરૂર નથી. પાર્ટીમાં



માનવામાં આવે છે કે, તેઓ દરેક જવાબદારી પોતાની રીતે અદા કરે છે. તેમને દરમિયાનગીરી પસંદ નથી. માતા સોનિયા ગાંધી અને બહેન પ્રિયંકા સાથે સલાહ-સૂચન કરે છે પરંતુ અંતિમ નિર્ણય રાહુલ પોતે જ કરે છે. સૂત્રોની વાત ઉપર વિશ્વાસ કરવામાં આવે તો રાહુલ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં લઈને તૈયારીઓમાં લાગી ગયા છે. યુપી ચૂંટણીમાં રાહુલની કોર ટીમમાં રહી ચૂકેલા પાર્ટીનાં એક વરિષ્ઠ નેતાનું કહેવુંછે કે, રાહુલની નજર અનેક વિધાનસભા ચૂંટણી પર છે. રાહુલને ગુજરાત વિધાનસભાની ચૂંટણીથી ખૂબ સારી આશા છે. ગુજરાત માટે રાહુલ ખાસ રણનીતિ બનાવી રહ્યા છે. હકીકતમાં રાહુલ પાર્ટીની મજબૂતી માટે આક્રમક રીતે કામ કરી રહ્યાં છે, તેઓ પાર્ટીના સાંસદો, ધારાસભ્યો અને સામાન્ય લોકોને મળી વાસ્તવિકતા જાણવા અને સમસ્યાઓ દૂર કરવામાં લાગેલા છે. પાર્ટીના એક વરિષ્ઠ સાંસદે કહ્યું હતું કે, રાહુલને મળવાની બાબત અગાઉ મુશ્કેલરૂપ હતી પરંતુ હવે તેઓ સરળતાથી ઉપલબ્ધ બને છે. રાહુલ ગાંધી એક નવી ટીમ બનાવી રહ્યા છે. ટિકિટ ફાળવણીમાં રાહુલ ગાંધી ભૂમિકા અદા કરવા માંગે છે. સોનિયા ગાંધી દ્વારા સ્પષ્ટ રૂપરેખા રાહુલ ગાંધી માટે તૈયાર કરવામાં આવી રહી છે. પક્ષનાં કારોબારી પ્રમુખ તરીકે અથવા તો ઉપપ્રમુખ તરીકેની જવાબદારી તેઓ સંભાળી શકે છે. યુવા કોંગ્રેસ અને એનએસયુઆઈનાં ઈન્ચાર્જ તરીકે રાહુલ ગાંધી હાલ ફરજ બજાવી રહ્યા છે. વડાપ્રધાન પોતે સરકારમાં સામેલ થવા અનેકવખત રાહુલને કહી ચૂક્યાં છે. રાહુલને મોટી ભૂમિકા સોંપવા માટેનો અવાજ સલમાન ખુર્શીદ ઉઠાવી ચૂક્યાં છે. કૃષ્ણા પણ કહી ચૂક્યા છે કે રાહુલને સરકારમાં સામેલ થવાની જરૂર છે.

# રાષ્ટ્રપતિની ચૂંટણી સંપન્ન : ૨૨ જુલાઈએ મત ગણતરી

નવી દિલ્હી, તા.૧૯

રાષ્ટ્રપતિની ચૂંટણી માટે આજે મતદાન યોજાયું હતું. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન યોજાયા બાદ હવે મતગણતરી ૨૨ જુલાઈનાં દિવસે યોજાશે અને એજ દિવસે પરિણામ જાહેર થશે. જોકે યુપીએનાં રાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર પ્રણવ મુખર્જીની જીત નિશ્ચિત દેખાઈ રહી છે. એમ માનવામાં આવે છે કે, પ્રણવ મુખર્જી આશરે ૪.૫ લાખનાં અંતરથી જીત મેળવે તેવી શક્યતા છે. પ્રણવ મુખર્જી હોટફેવરિટ હોવા છતાં એનડીએનાં ઉમેદવાર પી.એ.સંગમાની ક્રોસ વોટિંગની અપેક્ષા રહેલી છે. કેટલાંક ધારાસભ્યો અને સાંસદોએ તેમની તરફેણમાં મત આપ્યા હોવાની અપેક્ષા તેઓ રાખી રહ્યા છે. આજે સવારે ૧૦વાગ્યે મતદાનની પ્રક્રિયા શરૂ થઈ હતી અને સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન ચાલ્યું હતું. પ્રણવનાં સમર્થનમાં મત આપનાર પહોંચેલાઓમાં વડાપ્રધાન મનમોહનસિંહ, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનો સમાવેશ થાય છે. આ તમામ ૧૦.૩૦ વાગ્યે સંસદભવન પહોંચ્યા હતાં. સંસદીય બાબતોનાં પ્રધાન રાજીવ શુકલાએ કહ્યું હતું કે,



શરૂઆતી અડધી કલાકમાં આશરે ૬૦૦ સાંસદોએ મત આપ્યા હતાં. અંદાજે ૬૯૯ સાંસદો અને ૮ ધારાસભ્યોએ સંસંદભવનમાં મત આપ્યા હોવાનું જાણવા મળ્યું છે. ૭૭ સાંસદોએ પોતાનાં રાજ્યોમાં મતદાનની મંજુરી માંગી હતી જે મળી ગઈ હતી. દિલ્હી વિધાનસભામાં મતદાન બોક્સ તરત જ સંસદભવનમાં પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી જ્યારે રાજ્યોનાં પાટનગરમાં થયેલાં મતદાન બાદ બોક્સ આવતીકાલે દિલ્હી પહોંચવાની શરૂઆત થશે. કેટલાંક રાજ્યોમાંથી બોક્સને હેલિકોપ્ટર મારફતે દિલ્હી લવાશે. મોટાભાગના બોક્સ આવતીકાલે રાત્રે દિલ્હી પહોંચે તેવી શક્યતા છે. તમામ બોક્સને સંસદભવનમાં રાખવામાં આવશે જ્યાં સઘન સુરક્ષા વ્યવસ્થા રહેશે. મતગણતરી પર ધ્યાન આપવામાં આવે તો પ્રણવની જીત નિશ્ચિત છે. યુપીએનાં ૪ લાખ, બહુજન સમાજપાર્ટીનાં ૪૫૦૦૦, આરજેડીનાં ૧૦૦૦૦, ડાબેરીઓનાં ૫૫૦૦૦, સમાજવાદી પાર્ટીનાં ૬૭૦૦૦ અને ટીએમસીનાં ૪૬૦૦૦ મત મળીને પ્રણવ પાસે આશરે સવા છ લાખ કરતાં વધારે થઈ જાય છે જે જીત માટે જરૂરી આંકડા કરતાં વધારે છે. અગાઉ આજે સવારે ૧૦ વાગ્યે મતદાન શરૂ થયું હતું. મતદાનની તમામ તૈયારીઓ પહેલાથી જ પરિપૂર્ણ કરી લેવામાં આવી હતી. મતદાનની શરૂઆત થવાની સાથે જ તમામ સાંસદો અને વિધાનસભ્યોમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સવારે મતદાનની પ્રક્રિયા શરૂ થતા ઉત્સુક્તા વધી ગઈ હતી. ભારતમાં રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રજાના પ્રત્યેક્ષ મતદાનથી થતી નથી પરંતુ પરોક્ષ મતદાન મારફતે થાય છે. લોકો સાંસદો અને દરેક રાજ્યોના ધારા સભ્યોની પસંદગી કરે છે અને આ ધારાસભ્યો અને સંસદ સભ્યો રાષ્ટ્રપતિની ચૂંટણી કરે છે. આમા મતદારના મતની કિંમત માત્ર મત નહી પણ તેના મતના મૂલ્યના આધાર ઉપર આંકવામાં આવે છે. તૃળમુણ કોંગ્રેસનો ટેકો મળી ગયા બાદ પ્રણવ મુખર્જીની જીત નિશ્ચિત દેખાઈ રહી છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પ્રણવ મુખર્જી અને એનડીએના ઉમેદવાર સંગ્મા વચ્ચે મુખ્ય સ્પર્ધા છે. જો કે માત્ર ઓપચારિક્તા હોવાનું જાણકાર લોકો કહે છે. રાષ્ટ્રપતિ ચૂંટણી પદના આંકડા ઉપર નજર કરવામાં આવે તો કુલ મતદારોની સંખ્યા ૪૮૯૬ છે. લોકસભા અને રાજ્યસભાના સાંસદોની સંખ્યા ૭૭૬ છે. રાજ્યોના ધારાસભ્યોની સંખ્યા ૪૧૨૦ની આસપાસ છે. ૧૪મા રાષ્ટ્રપતિનો ચૂંટણીનો તખ્તો તૈયાર થઈ ગયો છે. રાજ્યસભાના ૨૩૩ અને લોકસભાના ૫૪૩ સભ્યો છે.

## રાષ્ટ્રપતિ ચૂંટણીમાં મુલાયમે ભૂલથી સંગમાને મત આપ્યો

નવી દિલ્હી, તા.૧૯

ભારતનાં ૧૩માં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે આજે દિલ્હી અને રાજ્યોનાં પાટનગરમાં મતદાન યોજાયું હતું. મતદાન દરમિયાન સમાજવાદી પાર્ટીનાં વડા મુલાયમસિંહે મોટી ભૂલ કરી હતી. મુલાયમે ભૂલથી યુપીએનાં ઉમેદવાર



પ્રણવ મુખર્જીનાં બદલે ભાજપ અને અન્ય પક્ષોનો ટેકો ધરાવતાં પી.એ.સંગમાને મત આપ્યો હતો. જોકે તરત જ તેમને ભૂલની જાણ થતાં બેલેટપેપર ફાડી નાંખતા અને રિટર્નિંગ ઓફિસર પાસે નવા બેલેટપેપરની માંગ કરી હતી, ત્યારબાદ તેમણે ફરીથી પ્રણવ મુખર્જીની તરફેણમાં મતદાન કર્યું હતું. નવા બેલેટપેપર આપવાનાં સંબંધમાં સંગમાનાં પોલિંગ એજન્ટ અને ભાજપનાં નેતે સતપાલ જૈને ચૂંટણી અધિકારીઓ સમક્ષ લેખિતમાં ફરિયાદ કરી છે. ભાજપે ફરિયાદમાં કહ્યું છે કે, નિયમ વિરુદ્ધ મતદાન કરાયું છે. સતપાલ જૈનનું કહેવું છે કે, બેલેટ પર સાહી પડી જવાની સ્થિતિમાં અથવા તો પેપર ફાટી જવાની સ્થિતિમાં અન્ય પેપર અપાય છે પરંતુ મુલાયમનાં કેસમાં આવું કંઈ થયું નથી. મુલાયમે બેલેટમાં સંગમાનાં નામે મત અપાયા બાદ બીજા પેપરની માંગ કરી હતી. મુલાયમને લઈને હવે ભારે હોબાળો થાય તેમ માનવામાં આવે છે. અન્ય વિરોધપક્ષો પણ મેદાનમાં ઉતરે તેવી શક્યતા છે. જોકે મુલાયમસિંહે આ સંબંધમાં કોઈ પ્રતિક્રિયા આપી નથી પરંતુ તેમનાં પક્ષનાં સભ્યો બચાવ કરવા મેદાનમાં ઉતર્યા છે. ચૂંટણી અધિકારી સમક્ષ ફરિયાદ થઈ છે.

## હિન્દુકુશ પ્રદેશમાં ભૂકંપનો આંચકો : કાશ્મીરમાં અસર

નવી દિલ્હી, તા.૧૯

અફઘાનીસ્તાનમાં હિન્દુકુશ પહાડી પ્રદેશમાં રિક્ટર સ્કેલ ઉપર ૫.૭ની તીવ્રતાનો પ્રચંડ ભુકંપનો આંચકો નોંધાયો હતો. એક સપ્તાહથી પણ ઓછા સમયગાળામાં હિન્દુકુશ પ્રદેશમાં ભુકંપનો આ બીજો આંચકો હતો. આ આંચકાની અસર જમ્મુ-કાશ્મીરમાં પણ અનુભવાઈ હતી. જો કે જાનમાલના નુકશાનના કોઈ સમાચાર મળ્યા નથી. ભુકંપના આંચકા બાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ૧૨મી જુલાઈના દિવસે અફઘાનીસ્તાનમાં હિન્દુકુશ પ્રદેશમાં તેના કેન્દ્ર સાથે ૬.૩ની તીવ્રતાના પ્રચંડ બે આંચકા અનુભવાયા હતા. કાશ્મીર ખીણ અને દેશના અન્ય કેટલાક ભાગોમાં આ ભુકંપની અસર નોંધાઈ હતી. કાશ્મીર વધારે ભુકંપ પ્રભાવીત ક્ષેત્રમાં આવે છે. આઠમી ઓક્ટોબર ૨૦૦૫ના દિવસે ૭.૪ની તીવ્રતાનો પ્રચંડ ભુકંપનો આંચકો આવ્યો હતો જેના કારણે ભારે નુકશાન થયુ હતું. જમ્મુ-કાશ્મીરના અંકુશ રેખા અને સાથે સાથે પાકિસ્તાન કબજા હેઠળા કાશ્મીરમાં પણ આ આંચકો નોંધાયો હતો. હાલના દિવસોમાં વિશ્વના ઘણા ભાગોમાં ભુકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે.

# રાજેશ ખન્નાનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન

મુંબઈ, તા.૧૯

બોલિવૂડના પ્રથમ સુપર સ્ટાર રાજેશ ખન્નાના ભાવનાશીલ માહોલમાં આજે સવારે મુંબઈમાં અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. રાજેશ ખન્નાના મુંબઈના વિલે પાર્લે સ્મશાનગૃહમાં અંતિમ સંસ્કાર કરાયા હતા.

આ અગાઉ સવારે રાજેશ ખન્નાની અંતિમયાત્રા તેમના આવાસ આશીર્વાદથી શરૂ થઈ હતી. હળવા વરસાદ વચ્ચે બાંદ્રા સ્થિત તેમના આવાસથી એક શણગારવામાં આવેલા ટ્રકમાં તેમના પાર્થિવ શરીરને મૂકીને સ્મશાનગૃહ સુધી લઈ જવામાં આવ્યો હતો. અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. રાજેશ



ખન્નાના ચાહકો તેમના અંતિમ દર્શન કરી શકે તે માટે ખુલ્લા ટ્રકમાં તેમના પાર્થિવ શરીરને મૂકવામાં આવ્યો હતો. બોલિવૂડની તમામ હસ્તીઓની હાજરીમાં અને મોટી સંખ્યામાં ચાહકોની હાજરીમાં સવારે ૧૧ વાગે અક્ષય કુમાર અને ટ્વીકલ ખન્નાના પુત્ર આરવે અગ્નિદાહ આપ્યો હતો. લિવરની બિમારીના કારણે પરેશાન થયેલા રાજેશ ખન્નાનું ગઈકાલે બપોરે અવસાન થયું હતું. છેલ્લા ઘણા સમયથી તેઓ બીમાર હતા. અનેક વખત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. થોડાક દિવસ પહેલાં જ તેમને ઘરે લાવવામાં આવ્યા હતા.

તેમની તબિયત સારી હતી પરંતુ ગઈકાલે એકાએક તેમની તબિયત ખરાબ થઈ ગઈ હતી. થોડાક દિવસ પહેલાં જ તબીબોએ જવાબ આપી દીધા બાત પરિવારના સભ્યો તેમને ઘરે લઈને પહોંચ્યા હતા. તેમની પત્ની ડિમ્પલ કાપડીયા, પુત્રી ટ્વીકલ ખન્ના, રિંકી ખન્ના અને અક્ષય કુમાર કાળજી રાખી રહ્યા હતા. ગઈકાલે બપોરે તેમનું અવસાન થયું હતું. આજે અંતિમસંસ્કાર વેળા પણ બોલિવૂડની તમામ હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. અંતિમસંસ્કારની વિધીમાં પણ અમિતાભ બચ્ચન, સુધીર મિશ્રા, રાની મુખર્જી, કરણ જોહર, સાજિદ ખાન, અભિષેક બચ્ચન, વિનોદ ખન્ના, આદર્શ શ્રીવાસ્તવનો સમાવેશ થાય છે. રાજેશ ખન્નાએ ૧૯૬૬માં રજૂ થયેલી આખરી ખત ફિલ્મ સાથે પોતાની કેરિયર શરૂ કરી હતી.

## અગાઉ કરતાં વધુ સારો દેખાવ કરવા ભારતીયો સંપૂર્ણ સજ્જ

લંડન, તા.૧૯

ઓલિમ્પિક્સની શરૂઆત આડે હવે ખુબ ઓછા દિવસો રહ્યા છે ત્યારે ભારત તરફથી સ્ટાર ખેલાડીઓના દેખાવ ઉપર તમામ લોકોની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. ઓલિમ્પિકસમાં ૨૬ રમતમાં ૧૧ હજારથી વધુ એથલિટો ભાગ લઈ રહ્યા છે. આ વખતે ભારતીય ટીમ પણ જુદી જુદી રમતોમાં બેઝિંગ ઓલિમ્પિક્સ કરતા વધુ સારો દેખાવ કરવા તૈયાર છે. ભારતીય ટીમ પાસેથી બેડમિન્ટન, હોકી, શૂટિંગ બોક્સિન, તિરંગદાજીમાં શાનદાર દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી છે. ઓપનિંગ સમારોહની શરૂઆત થાય તે પહેલા જ ભારતના પુરુષો અને મહિલાઓના તિરંદાજી લોર્ડ્સના મેદાન ઉપર નજરે પડશે. પુરુષોની વ્યક્તિગત રેકિંગ રાઉન્ડ સ્પર્ધા સવારે ૯ વાગે શરૂ થશે. જ્યારે મહિલાોની સ્પર્ધા ૧ વાગે શરૂ થશે. ટેનિસમાં પણ અપેક્ષા રાખવામાં આવી રહી છે. ટેનિસમાં ખેંચતાણની સ્થિતિ થોડાક દિવસ પહેલા રહી હોવા છતાં સાનિયા મિર્ઝા, લિયાન્ડર પેસ અને અન્ય ખેલાડીઓ છવાઈ જવા ઈચ્છુક છે. બેડમિન્ટનમાં સાઈના નહેવાલ ઉપર તમામ અપેક્ષા રહેલી છે. જ્યારે વિજેન્દ્રસિંહ અને શિવ થાપા ૨૮મી જુલાઈના દિવસે ક્રમશ પુરુષોની ૭૫ કિલોગ્રામ અને ૫૬ કિલોગ્રામ કેટેગરીમાં ભાગ લેશે. ભારતીય ટેનિસ ખેલાડીઓ પણ બપોર બાદ ૨૮મી જુલાઈએ જ મેદાનમાં ઉતરશે. બીજી ઓગસ્ટના દિવસે તમામ લોકોની નજર રોન્જનસિંહ સોઢી ઉપર રહેશે. રોન્જનસિંહ સોઢી ડબલ ટ્રેપમાં સ્પર્ધા કરશે. આ સ્પર્ધા સ્થાનિક સમય મુજબ ૯ વાગે શરૂ થશે જ્યારે ફાઈનલ ૪ વાગે રમાશે. જ્યારે વિજય કુમાર ૨૫ મીટરની રેપિડ ફાયર ઈવેન્ટમાં ભાગ લેશે. આ ઉપરાંત રોન્જન રોયલ બારકમાં પણ ભાગ લેશે. તિરંદાજીમાં દિપીકાકુમારી વ્યક્તિહગત મેડલ જીતવા માટે આશાવાદી છે.

## આરબીઆઈ ૧૦ અને ૫૦ની નોટ જારી કરશે

મુંબઈ, તા.૧૯

ભારતીય રિઝર્વ બેંક ટૂંકસમયમાં જ રૂપિયાનાં સંકેત સાથે ૧૦ અને ૫૦ રૂપિયાની નવી નોટ જારી કરશે.

આ અંગેની માહિતી રિઝર્વ બેંકે આજે આપી હતી. વર્ષ ૨૦૧૦માં રૂપિયાનાં નવા સંકેતને સત્તાવાર રીતે સ્વીકારી લેવામાં આવ્યા બાદ રૂપિયાનાં સંકેત સાથે આ નવી નોટ જારી કરવામાં આવશે. મહાત્મા ગાંધી સિરીઝ-૨૦૦૫ની આ નોટ પર આરબીઆઈનાં ગવર્નર ડી.સુબ્બારાવનાં હસ્તાક્ષર ઉપરાંત અંગ્રેજીનાં એલ અક્ષર રૂપિયાનાં નિશાન જોવા મળશે. આ નોટની પાછળનાં હિસ્સામાં નોટનાં પ્રકાશનની સાલ ૨૦૧૨નો ઉલ્લેખ હશે. આરબીઆઈએ એક નિવેદનમાં કહ્યું છે કે, આ નોટની બનાવટ મહાત્મા ગાંધી સિરીઝની ૨૦૦૫નાં રૂપિયા ૧૦ અને ૫૦નાં પ્રકાશિત થઈ ચૂકેલાં અગાઉની નોટ જેવી જ હશે. બેંકે એમપણ કહ્યું હતું કે, પહેલાંથી જ જારી થઈ ચૂકેલી રૂપિયા ૧૦ અને ૫૦ની નોટ સત્તાવાર રીતે જારી રહેશે. વર્ષ ૨૦૧૦માં સત્તાવાર રીતે રૂપિયાનાં નવા સંકેતને સ્વીકારી લેવામાં આવ્યા બાદ સ્પષ્ટ આદેશ જારી કરીને કહેવામાં આવ્યું હતું કે, નવા સંકેત સાથે રૂપિયાનાં નવા સિમ્બોલને પ્રકાશિત કરવાની બાબત ફરજિયાત રહેશે.

## આર્થિક સુધારાઓને અમલી બનાવવાની જરૂર છે : તાતા

નવી દિલ્હી, તા.૧૯

તાતા ગ્રુપનાં ચૅરમેન રતન તાતાએ આજે કહ્યું હતું કે, વડાપ્રધાન મનમોહનસિંહે વચન આપવામાં આવેલાં સુધારાઓને અમલી બનાવીને ફરી એકવાર અર્થતંત્રને પાટા ઉપર લાવવાનાં પ્રયાસ કરવા જોઈએ. સાથે સાથે સરકારની વિશ્વસનીયતા પુનઃસ્થાપિત કરવાનાં પ્રયાસો કરવા જોઈએ. ૧૦૦ અબજ ડૉલર ગ્રુપનાં ચૅરમેને કહ્યું હતું કે, બિનજરૂરી રીતે વડાપ્રધાનની ટીકા ટિપ્પણી કરવી અને આર્થિક તકલીફો માટે તેમને દોષિત ઠેરવવાની બાબત યોગ્ય નથી. મીડિયા, વિરોધપક્ષો અને શાસકપક્ષના કેટલાંક સભ્યોની તાતાએ ટીકા કરી હતી અને કહ્યું હતું કે, આ સમયગાળો ટીકાટિપ્પણી કરવા માટેનો નથી. તેમણે એમપણ કહ્યું હતું કે, વાસ્તવિકતાઓને ધ્યાનમાં લઈને હવે સુધારાઓની દિશામાં ઝડપથી આગળ વધવાની જરૂર છે. વડાપ્રધાન ૧૯૯૧નાં સુધારાનાં ઘડવૈયા તરીકે રહ્યાં છે.

વડાપ્રધાન મનમોહનસિંહની વિરોધપક્ષો અને નિષ્ણાંતો દ્વારા પોલીસીના મામલે ટીકા ટિપ્પણી થઈ રહી છે ત્યારે તાતા ગ્રુપના ચેરમેન રતન તાતાએ આજે વડાપ્રધાનનો બચાવ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન ઉપર દોષારોપણ કરવાની બાબત યોગ્ય નથી. વડાપ્રધાનને તમામ લોકોના ટેકાની જરૂર છે. નીતિઓના મામલે નિષ્ણાંતોનું સમર્થન મળે તે જરૂરી છે. તેમના ટ્વિટર પેજ ઉપર રતન તાતાએ કહ્યું છે કે આ વાસ્તવિકતા છે કે છેલ્લા ૧૨ મહિનામાં ભારતે વિકાસની ગતિ ગુમાવી દીધી છે. મૂડીરોકાણકારોનો વિશ્વાસ હચમચી ઉઠ્યો છે. ફુગાવો સતત વધ્યો છે. સરકારના પગલાં મોડેથી આવ્યા છે પરંતુ આ તમામ મુદ્દાઓ ઉપર વડાપ્રધાન ઉપર દોષારોપણ કરવાની બાબત યોગ્ય નથી. સરકારની વિશ્વસનીયતાને જાળવી રાખવાની જરૂર છે. તાતાએ વિપક્ષની ઝાટકણી કાઢતા કહ્યું છે કે રાજકીય આંતરિક લડાઈના કારણે થઈ રહેલા નુકસાન તરફ ધ્યાન આપવાની જરૂર છે.

## નિષ્કામ સમાજસેવાના સાધકોનું ભાવજગત

(પાના નં. ૪ નું ચાલુ)

સમાજ યજ્ઞકુંડ સમાન છે. એવી સેવા કરવા સમિધાની જેમ આહુતિ બની જવામાં જીવનની મહાનતા છે. સેવાના ધ્યેયને સમર્પિત સાધકો સમુદ્રમાં સરિતા ભળી જાય તેમ સમાજસાગરમાં પોતાની જાતને ઓગાળી નાખે છે.

ઈટાલીના ટ્યુરિન વિશ્વવિદ્યાલયની રેડિયોલોજીની વિશેષજ્ઞા મારિયો પોજિયો કૅન્સરના ઈલાજની શોધમાં વ્યસ્ત હતા. 'ક્ષ' કિરણોના પ્રભાવનો અભ્યાસ - અખતરો તે પોતાના શરીર પર જ કરતી. ઘાતક કિરણોની જલદ અસરથી તેમને પોતાના ડાબા હાથથી એક આંગળી કપાવવી પડી. રાહતનો દમ લેતાં એમણે કહ્યું. 'કંઈ વાંધો નહીં, ચાર આંગળીઓ પૂરતી છે.' થોડા સમય પછી પ્રયોગો આગળ વધતાં એમને પોતાનો ડાબો હાથ અને જમણા હાથનો આગળનો ભાગ કપાવવો પડ્યો. એમની આ દશા જોઈને એમના મિત્રોએ એમને રેડિયમની અને વિકરણની અસરથી દૂર રહેવાની સલાહ આપી. ત્યારે એમને શાંત સ્વરે કહ્યું, ''આપણે આપણા જીવનની પ્રત્યેક ક્ષણનો પૂરેપૂરો લાભ લેવો જોઈએ. આ પ્રયોગ કર્યા વિના મારા માટે બીજો કોઈ વિકલ્પ નથી...'' અને માનવતાની સેવામાં મારિયો પોજિયોએ પોતાની આહુતિ આપી દીધી.

મનુષ્યની પ્રકૃતિ તો એવી છે કે નાની નાની સફળતાનો મોટો મોટો યશ પોતાના નામે ચડાવવો. નાનું કામ કર્યું હોય તો પોતાના વર્તુળમાં, જ્ઞાતિમાં, સમાજમાં ગાઈ વગાડીને કહેવું... એનો ઢંઢેરો પીટવો... અને અનેક લોકો એમની સમ્મુખ જ એમનાં વખાણ કરે એવી પરિસ્થિતિ નિર્માણ કરવી. કોઈ દીન-દુઃખીને મદદ કરી છાપામાં પોતાના ફોટા પ્રસિધ્ધ કરાવવા એ આજકાલના કહેવાતા સમાજસેવકોની, નેતાઓની ફેશન બની ગઈ છે. આને શું સેવા કહેવી? આ તો પ્રકૃતિ પણ નહીં વિકૃતિનું દર્શન છે!

પરંતુ નિષ્કામ સમાજસેવાના સાધકોએ પ્રકૃતિમાં વિશેષ સંસ્કારિતાનું તત્ત્વ ઉમેરીને એને સંસ્કૃતિ સ્વરૂપે સમાજ સામે મૂકી છે. આદર્શ ઉદાહરણો પ્રસ્તુત કર્યાં છે. આવાં અસંખ્ય ઉદાહરણો જો નજર સામે આવે તો આપણે પણ નિષ્કામ સમાજસેવાના રાજમાર્ગ પર આગળ વધી શકીએ.

આવું નિષ્કામ સમાજસેવાના કર્મની પરાકાષ્ઠા સ્વરૂપ એક ઉદાહરણ...

પુરીના મંદિરમાં મહારાજ ઈન્દ્રદ્યુમ્ને જગન્નાથજીની એક લાકડાની સુંદર મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. એ રાત્રે જગન્નાથજી એમને સ્વપ્નમાં આવ્યા. દર્શન થઈને વરદાન માગવાનું કહ્યું. મહારાજે ભગવાનને કહ્યું, ''પ્રભુ! વરદાનની ઈચ્છાથી મેં આપની મૂર્તિની પ્રતિષ્ઠા નથી કરી. મારે વરદાન ન જોઈએ.''

જગન્નાથજી ન માન્યા. એમને વરદાન માગવાનો આગ્રહ કર્યો. ત્યારે રાજા ઈન્દ્રદ્યુમ્ને કહ્યું, ''મારી અનિચ્છા હોવા છતાં પણ આપ જયારે મને વરદાન આપવા ઈચ્છો છો ત્યારે એવું વરસ્દાન આપો કે મારા વંશમાં કોઈ જીવિત ન રહે!''

અઢાર પુત્રોનાં પિતા મહારાજ ઈન્દ્રદ્યુમ્નની આવી વિચિત્ર માગણી સાંભળીને જગન્નાથજી બોલ્યા, ''ભક્ત! આ શું માગી રહ્યો છે?'' ઈન્દ્રદ્યુમ્ને કહ્યું, ''મહાપ્રભુ! આ વિશાળ મંદિરના નિર્માણ અને એમાં આપની મૂર્તિની પ્રતિષ્ઠાનું શ્રેય લેવા માટે મારા વંશમાં કોઈ ન બચે એવું હું ઈચ્છું છું, કારણ કે જો મારા વંશજો હોય અને ભવિષ્યમાં અહંકારી બનીને કહે કે મારા બાપ-દાદાએ આ મંદિર બનાવ્યું છે, તો એવું કહીને તેઓ મારું અને એમનું સમગ્ર પુણ્યબળ નષ્ટ કરશે. માટે કૃપા કરી આપ આવું જ વરદાન આપો.''

... જગન્નાથજીએ 'તથાસ્તુ' કહ્યું. પુરી શહેરમાં પ્રવેશ કરતાં જ આજે પણ 'અઠરનલા' નામની સ્મશાનભૂમિ જોવા મળે છે. જયાં રાજા ઈન્દ્રદ્યુમ્નના અઢારેય પુત્રોનો અંતિમસંસ્કાર થયો.

નિષ્કામ કર્મભાવનાનું આ અનુપમ ઉદાહરણ છે. કોઈ પણ પ્રકારની પ્રસિધ્ધિ કીર્તિની અપેક્ષા રાખ્યા વિના સમાજહિતનાં કાર્યો કરનારા અમરત્વ પ્રાપ્ત કરે છે. જાણ્યે-અજાણ્યે લોકહૃદયમાં તેઓ સ્થાન મેળવી લે છે.

કવિ શ્રી માખનલાલ ચતુર્વેદી નીચેના કાવ્યપંક્તિઓમાં અદ્ભુત નિષ્કામ ભાવનાની અભિવ્યક્તિ કરે છે.

**ચાહ નહીં મૈં સુરબાલા કે ગહનોં મેં ગૂંથા જાઉં ।**
**ચાહ નહીં પ્રેમ માલા મેં બિંધ પ્યારી કો લલચાઉં ॥**
**ચાહ નહીં સમ્રાટોં કે શબ પર હે હરિ ડાલા જાઉં ।**
**ચાહ નહીં દેવોં કે શિર પર ચઢૂં ભાગ્ય પર ઈઠલાઉં ॥**
**મુજે તોડ લેના બનમાલી**
**ઉસ પથ મેં દેના તુમ ફેંક ।**
**માતૃભૂમિ પર શીશ ચઢાને**
**જિસ પથ જાયેં વીર અનેક ॥**

એક પુષ્પે વ્યક્ત કરેલી નિષ્કામ ભાવના આપણા મનમાં નિર્માણ કરી સમાજસેવાના સાધક બનીએ...